Bhesan.com

2st issue 1-1-2014

Being my world

# Bhesan

A MAGAZINE BY BHESAN.COM

# Happy New Year Bhesan

# 2014

Another Day, Another Month, Another Year.
Another Smile, Another Tear, Another Winter,
A Summer Too, But
There Will Never Be Another You!
May Lovely, Happy Times
Decorate This Time Of The Season.
May Warm, Special Memories Brighten Your New Year.

Happy New Year to you and your family
-By Savaliya Wilson & Krupal Dobariya



## APMC- BHESAN.

Cotton :- 830 – 1005
Wheat (Lokvan) :- 337 - 379
Peanuts :- 663-771

Onion :- 70-120
Coriander seeds :- 830 - 1130
Peanuts seeds :- 674-752

Technology

# Best Smartphone of 2013

## LG Optimus G2




Rs. 36,500**

| | | |
|---|---|---|
| GENERAL | 2G Network | GSM 850 / 900 / 1800 / 1900 |
| | | CDMA 800 / 1900 - CDMA version |
| | 3G Network | HSDPA 850 / 900 / 1900 / 2100 |
| | | CDMA2000 1xEV-DO - CDMA version |
| | 4G Network | LTE 900 / 1800 / 2100 / 2600 / 850 |
| | | LTE - CDMA version |
| | SIM | Micro-SIM |
| BODY | Dimensions | 138.5 x 70.9 x 8.9 mm (5.45 x 2.79 x 0.35 in) |
| | Weight | 143 g (5.04 oz) |
| DISPLAY | Type Size | True HD-IPS + LCD capacitive touchscreen, 5.2 inchs |
| | Protection | Corning Gorilla Glass 2 |
| SOUND | Alert types | Vibration, MP3, WAV ringtones |
| | Loudspeaker | Yes |
| | 3.5mm jack | Yes |
| | | - Dolby mobile sound enhancement |
| MEMORY | Card slot | No |
| | Internal | 16/32 GB, 2 GB RAM |

| | | |
|---|---|---|
| CAMERA | Primary | 13 MP, autofocus, optical image stabilization, LED flash |
| | Features | Simultaneous video and image recording, geo-tagging, face detection, HDR |
| | Video | Yes, 1080p@60fps, HDR, stereo sound rec., video stabilization, |
| | Secondary | Yes, 2.1 MP, 1080p@30fps |
| FEATURES | OS | Android OS, v4.2.2 (Jelly Bean) |
| | Chipset | Qualcomm MSM8974 Snapdragon 800 |
| | CPU | Quad-core 2.26 GHz Krait 400 |
| | GPU | Adreno 330 |
| | Sensors | Accelerometer, gyro, proximity, compass |
| | Browser | HTML5 |
| | Radio | Stereo FM radio with RDS |
| | GPS | Yes, with A-GPS support and GLONASS |
| | Java | Yes, via Java MIDP emulator |
| | Colors | Black, White |




# Arvind Kejriwal

## Power of aam aadmi

*A big face come out from middle class family.*

*Take lead on delhi for next 5 year.*

**Arvind Kejriwal** (born 16 August 1968) is a former Indian Revenue Service officer and the Chief Minister-designate of Delhi. Born in Haryana, Kejriwal is a graduate of theIndian Institute of Technology Kharagpur, where he studied Mechanical Engineering. He worked for the IRS as a Joint Commissioner in the Income Tax Department. He is well-known for his role in drafting a proposed Jan Lokpal Bill and his efforts to bring and implement the Right to Information (RTI) act at grassroots level.

Kejriwal won the Ramon Magsaysay Award for Emergent Leadership in 2006 for his contribution to the enactment of the Right to Information Act and for his efforts to empower the poorest citizens of India.

Kejriwal was born in Hisar, Haryana, on 16 August 1968 to Gobind Ram Kejriwal and Gita Devi, a well-educated and financially well-off couple. He has a younger sister and brother. His father was an electrical engineer who graduated from the Birla Institute of Technology, Mesra, and whose work led to many changes in the family's residence. Kejriwal spent most of his childhood an towns such as Sonepat, Ghaziabad and Hisar. He was educated at Campus School in Hisar.

Kejriwal studied mechanical engineering at Indian Institute of Technology Kharagpur and then from 1989 he worked for Tata Steel. He left that job in 1992, having previously taken leave of absence in order to study for civil service examinations,and spent some time inKolkata, at the Ramakrishna Mission in North-East India and at Nehru Yuva Kendra. Before joining IRS,he met Mother Teresa and he was really impressed by her service that she delivered to others. He also served the people in Kali Ghat as requested by Mother Teresaand followed her path while she was in West Bengal.

Kejriwal is married to Sunita, who is also an IRS officer and his batchmate from National Academy of Administration in Mussoorie and the National Academy of Direct Taxes in Nagpur. The couple have two children, a daughter and a son. Kejriwal is a vegetarian. He has been practicing Vipassana for many years.[3]

## Political career

Kejriwal established the Aam Aadmi Party on 26$^{th}$ November 2012[12]. The party name reflects the phrase Aam Aadmi, or "common man", whose interests Kejriwal proposed to represent.

He became one of the five most mentioned Indian politician on social networking sites such as Facebook and Twitter.

# ઉત્તરાયણઃ વીસ વર્ષ પહેલાં

ઉત્તરાયણમાં અત્યારે કેટલીક ચીજો બહુ સામાન્ય બની ગઇ છે , પણ બે દાયકા પહેલાં તેમાંથી ઘણી વસ્તુઓ કમ સે કમ મહેમદાવાદ જેવા ગામમાં અને મધ્યમ આર્થિક સ્થિતિ ધરાવતા ઘણા લોકો માટે દુર્લભ અથવા બહુમૂલ્ય હતી . લગભગ Objects of Desireની કક્ષામાં . એવી કેટલીક ચીજોનું 'સ્નેહસ્મરણ '.

**જાતજાતનાં પીપુડાં** પહેલાં મોંમાં દબાવીને વગાડવાની દેશી પતાકડીઓ આવતી હતી , જે મોટે ભાગે કાળી નાની પીપુડીમાંથી કાઢીને મોમાં સરકાવવામાં આવતી હતી . હવે કુગ્ગાથી ફ્લુટ જેવા વિવિધ પ્રકારનાં હવાદાર પીપુડાં છૂટથી મળે છે . બલ્કે , તેના અવાજ વિના પતંગ ન ચડે એવું ઘણા પ્રેમીઓ માનતા હશે .



**મ્યુઝિક સિસ્ટમઃ** સાદાં કેસેટ પ્લેયરની વાત નથી , માણસની જેમ ધાબે ચઢીને ઘોંઘાટ મચાવી શકે એવાં મ્યુઝિક પ્લેયર પહેલાં જૂજ હતાં . સ્પીકર , એમ્પ્લીફાયર , પ્લેયરનો દાખડો ધાબે ચઢાવવામાં મુશ્કેલી પડે . એટલું જ નહીં , વડીલો આચીજો ઉપર લઇ જવાની પરવાનગી આપે કે કેમ , એ અગત્યનો સવાલ . હવે ધાબાં પર ધમધમતી મ્યુઝિક સિસ્ટમની બિલકુલ નવાઇ રહી નથી .



**ગુંદરપટ્ટીનો રોલ** કોડી -દોઢ કોડી પતંગ સાથે મફત લેવાની ચીજ હતો . પછી વધારે પટ્ટી વધારે જોઇતી હોય તો થોડો મોટો રોલ ખરીદવો પડે . તેનો રંગ ખાખી હતો , જે પોલીસની વરદી કરતાં જુદો ખાખી હોવા છતાં એટલો જ સત્તાવાર લાગતો હતો . ઉત્તરાયણમાં પતંગોની સારવારનો સત્તાવાર રંગ હતો ખાખી . હવે ગુંદરપટ્ટીને બદલે આવાં સ્ટીકરની શીટ તૈયાર મળે છે . સ્ટીકર ઉખાડો ને પતંગ પર ચોંટાડી દો . લાળરસથી ગુંદરપટ્ટી લગાડવાની કે ગુંદરપટ્ટી ચોંટી -ન ચોંટી એની ઝંઝટ નહીં .




**ફિરકીનું સ્ટેન્ડઃ** થોમસ આલ્વા એડિસન ગુજરાતમાં જન્મ્યો હોત તો તેની એકાદ હજાર પેટન્ટમાંથી એકાદ ચોક્કસ ફિરકીના અસરકારક સ્ટેન્ડની હોત . પિલ્લાંના આધુનિક અવતાર જેવી ફિરકી આવી ત્યારથી તેને પકડવા માટે એક જણની જરૂર પડે એવું પરાવલંબન સંકળાઇ ગયું હતું . દરેક વખતે ફિરકી પકડનાર માણસ ક્યાંથી લાવવા ? એટલે જુદી જુદી તરકીબો અજમાવાઇ . ઇંટ નીચે કે પતરાની ધારમાં ફિરકીનો એક દાંડો દબાવીને ફિરકી મૂકવાથી કામ ચાલી જતું હતું . અહીં બતાવ્યું છે એવું સ્ટેન્ડ 'ક્રાંતિકારી શોધ ' તરીકે આવ્યું ખરું , પણ કાર્યક્ષમતાની દૃષ્ટિએ તે

મોટે ભાગે નકામું નીવડે છે . કોઇ એનઆઇડી .-બહાદુર આવું શોધે તો પણ આપણને વાંધો નથી .



**સુરતની દોરીઃ** સુરતના જમણની સાથોસાથ તેની દોરી પણ એટલી જ વખણાતી હતી , પણ એ લાવવાની ક્યાંથી ? દરેક વખતે એવા મનસૂબા ઘડાય કે બધા મિત્રોએ ભેગા થઇને સુરતની દોરી મંગાવવી જોઇએ , પણ મોટે ભાગે એવી મહેચ્છાઓ સહેલાઇથી ફળીભૂત ન થતી . ક્યારેક કોઇ ઉત્સાહી જથ્થાબંધના ઓર્ડર લઇને સુરત મુકામે સંચરે ત્યારે જ એવું શક્ય બનતું .



**કેપ -ગોગલ્સઃ** ફક્ત કેપ કે ફક્ત ગોગલ્સ ઉત્તરાયણની એકમાત્ર લક્ઝરી ગણાતી હતી , પણ હવે એ બન્નેનું સંયોજન સહેલાઇથી મળી રહે છે . એ પહેરવા માટે પતંગ ચડાવવી ફરજિયાત નથી .



**ચકાચક દોરીઃ** ત્રીસેક વર્ષ પહેલાં ઘરની પતરાંની અગાસીમાં સરોશ વગેરે નાખેલી ગુલાબી લુગદીમાં દોરી પીવડાવવાની ક્રિયા થઇ હતી , એ હજુ યાદ છે . પણ હવે ગુજરાતના મેદાનમાં બરેલીના ઉસ્તાદો આવી ગયા છે .






**બાયનોક્યુલરઃ** હિંદી કોમેન્ટરીની ભાષામાં કહીએ તો 'ખચાખચ ભરેલા ' ધાબામાં પહેલાં બાયનોક્યુલરમાંથી જેને જોઇ શકાય તેની તલાશ ચાલે અને પછી બાયનોક્યુલરની .



**તુક્કલઃ** શિયાળાની સાંજ વહેલી ઢળે અને અંધારું ઘેરાય એટલે દિવસે સ્થિર ગણીને જુદા તારવેલા પતંગ નીકળે . મોટે ભાગે મોટા (ભારે ) સફેદ પતંગ . તેને થોડા ચડાવીને પછી તેની સાથે ફાનસ બંધાય . મોટા પતંગ માટે વપરાતો 'તુક્કલ ' શબ્દ ફાનસ માટે જ વપરાતો હોય . આખા ગામમાં તુક્કલ ચઢાવનારા પતંગબાજ જૂજ હોય . બાકીના ધાબે તુક્કલ જોવા ચડે . પણ હવે તસવીરમાં છે એવા ગુબ્બારા આકાશે ચડતા અને ઊંચે ઊંચે જતા જોવા મળે છે .



**હાથે બાંધેલી પટ્ટીઓ** તેની પર લાગેલા ઘસરકા , પટ્ટી પર અને હથેળીઓમાં લાગેલો ગુલાબી રંગ - આબધું ઉત્તરાયણમાં કરેલી મઝા વિશે કશું કહ્યા વગર ઘણું કહી આપે છે .પહેલાં આંગળીએ પહેરવા માટે કપડાની ખોરી બનતી હતી . તેવી રબરની ખોરી પણ આવતી. ઘણા વખતથી આપ્રકારની ટેપ ચાલે છે .



**લચ્છી** પતંગ પકડતી વખતે તેની સાથે આવતી દોરીની આરીતે લચ્છી બનાવવામાં આવતી હતી . 'ભાર દોરીમાં ' પકડેલી પતંગની જાડી લચ્છી જોઇને શેર લોહી ચડતું હતું . પતંગને લગતા કૌશલ્યમાં અંગુઠા અને ટચલી આંગળીની મદદથી લચ્છી વીંટવાના કૌશલ્યનો સમાવેશ પણ થતો હતો . ઉત્તરાયણ પૂરી થયા પછી બહુરંગી લચ્છીઓના વિલિનીકરણમાંથી પરચૂરણ દોરીનું પિલ્લું બનાવવામાં આવતું હતું , જેનો ઉપયોગ પછીની ઉત્તરાયણના પહેલાંના દિવસોમાં પતંગ ચગાવવા કે પછી કન્ના બાંધવા થતો હતો . હવે લચ્છીઓનો એવો દબદબો રહ્યો નથી .



**પતંગ પકડતો કુદરતી 'ઝંડો '** આકાશભરની પતંગો આબાદ ઝડપી લેતા વૃક્ષોને જોઇને ઘણી વાર એવું થતું કે આવો એકાદ 'ઝંડો ' હાથવગો હોય તો બધી પતંગ આપણે જ પકડી પાડીએ .



# પરાજય પછી કોંગ્રેસની મંથનબેઠક

વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ વિશે વિચાર કરવા માટે કોંગ્રેસની બેઠક યોજાઇ છે. મિટિંગરૂમમાં ખૂણેખાંચરે કશુંક મરેલું ભરાઇ ગયું હોય એવી ગંધ આવી રહી છે. અનુભવીઓ તેને પરાજયની ગંધ તરીકે ઓળખાવે છે, તો જાણકારોનો મત છે કે રૂમમાં કશું ભરાયું નથી, સત્તાસ્થાનેથી પક્ષના દિવસ ભરાઇ ગયા છે.

કોઇ ફળદ્રુપ દિમાગી કર્મચારીએ કોંગ્રેસના ચૂંટણીપ્રચારનું એક પોસ્ટર ફ્રેમ કરાવીને, તેની પર ફુલહાર લગાડીને, એક ખુરશી પર એવી રીતે મૂક્યું છે કે દાખલ થતાં સૌથી પહેલી નજર એની પર પડે. રૂમમાં આવનારા કોઇ નેતાને આફ્રેમ જોઇને વાંધો પડતો નથી કે 'આકોણે લગાડ્યું?' એવું પૂછવાનું સૂઝતું નથી. સૌ બેસણાના અંદાજમાં ગંભીર ચહેરે ફ્રેમ પાસે જાય છે, બે હાથ જોડીને અધખુલી આંખે નમન કરે છે અને પોતાની આચેષ્ટા બીજા નોંધી રહ્યા છે કે નહીં એ તીરછી નજરે જોઇ લે છે. ત્યાર પછી એ ખુરશી પર બેસી જાય છે.

એવામાં રાહુલ ગાંધી આવે છે. તેમણે પોતાનો કાયમી પોશાક - સફેદ કુર્તો - પાયજામો - પહેર્યો છે, પણ આજે તે પ્રસંગને અનુરૂપ લાગે છે. તેમના આંખોમાં ઉજાગરો દેખાય છે. તેમની પાછળ સોનિયા ગાંધી દાખલ થાય છે. તેમના હાથમાં સ્ટીલની લાંબી ફુટપટ્ટી અને ચહેરા પર કડકાઇનો ભાવ છે. એ જોઇને બેઠેલા નેતાઓના શરીરમાંથી ધ્રુજારીની આછી લહેર દોડી જાય છે. છતાં, સૌ ચહેરા પરની સ્વસ્થતા ટકાવી રાખે છે. અહમદ પટેલ ક્યારે આવીને ગોઠવાઇ ગયા, એ ખબર પડતી નથી. સોનિયા ગાંધીના હાથમાં ફુટપટ્ટી જોઇને કેટલાક સંશયાત્માઓ કોની કોની હથેળી લાલ છે, એ દૂરથી તપાસવાનો પ્રયાસ કરે છે. પરંતુ તેમાં ખાસ સફળતા મળતી નથી.

સોનિયા ગાંધી રાબેતા મુજબ એક ખુરશી ભણી જોઇને મિટિંગ શરૂ કરવા ઇશારો કરે છે, પણ રાહુલ ગાંધી ખુસપુસ અવાજે તેમનું ધ્યાન દોરતાં કહે છે કે એ ખુરશી ખાલી છે. કારણ કે પ્રણવ મુખર્જી હવે રાષ્ટ્રપતિ બની ગયા છે. સોનિયા ગાંધી થોડો વિચાર કરીને જાતે જ મિટિંગની શરૂઆત કરે છે.

**સોનિયા ગાંધી** : ભાઇઓ અને (શીલા દીક્ષિત સામે જોઇને) બહેનો, તમે જાણો છો કે આપણે શા માટે ભેગા થયા છીએ.

**નેતા ૧** : હાસ્તો, ખરખરો કરવા...

**સોનિયા** : (કડકાઇથી) ખરખરો એટલે? તમે પેલા ગુજરાતી જૈન નાસ્તાની વાત કરો છો? કહેવા શું માગો છો?

**નેતા ૨** : વાહ મેડમ, શું કલ્પના છે...ખરખરો - એક ગુજરાતી વાનગી... આને કહેવાય કલ્પનાશક્તિ.

**નેતા 3** : રીઅલી ગ્રેટ, મેડમ. આએક જ કલ્પના પર તમને ૨૦૧૪ માં ભારતનાં વડાપ્રધાન બનાવી દેવાં જોઇએ.

**સોનિયા :**કન્ટ્રોલ યોરસેલ્ફ ...તમારી આચાપલૂસીને કારણે જ પક્ષની આવી દશા થઇ છે . તમે લોકો મને સાચું કહેતા જ નથી ..

**ખૂણાનો અવાજ :** .. પણ તમે અમારું સાંભળો છો જ ક્યારે ?

(રાહુલ ગાંધી અવાજની દિશામાં જુએ છે , પણ કોણ બોલ્યું એ સમજાતું નથી .)

**સોનિયા :** આચૂંટણીએ આપણને સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે કે ..

**નેતા ૨ :** ...આપણે હજુ ૨૦૧૪ માં સરકાર રચી શકીએ એમ છીએ . લોકો કહે છે એટલી આપણી બદનામી થઇ નથી . હજુ આદેશમાં કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી જીતી શકાય છે . ભરોસો ન પડતો હોય તો પૂછો રાજસ્થાન -મધ્ય પ્રદેશ -છત્તીસગઢમાં જીતેલા કોંગ્રેસી ઉમેદવારોને . વિરોધીઓ કહે છે એવી આપણા વિરુદ્ધની આંધી હોય તો આ લોકો શી રીતે ચૂંટાયા ?

**નેતા ૩ :** જબ તક સૂરજ -ચાંદ રહેગા ...

**નેતા ૪ :** સોનિયાજી -રાહુલજીકા નામ રહેગા .

**ખૂણાનો અવાજ :** પણ હવે નામ નહીં , સત્તા રાખવાની વાત છે .

**રાહુલ :** (અવાજને અવગણીને ) તમે લોકો ક્યારે સુધરશો ? મમ્મીએ તમને કહ્યું તો ખરું કે ચાપલૂસીએ જ આપણને ડૂબાડ્યા છે ...

**નેતા ૫ :** રાહુલજીની વાત તદ્દન સાચી છે . પક્ષના પરાજય વિશે કેવું સચોટ , ઊંડાણભર્યું અને પ્રેરણાસભર નિદાન છે એમનું ! રાહુલજી , અત્યાર સુધી હું કેવળ આપની નેતાગીરીનો ભક્ત હતો , પણ હવે આપની રાજકીય સમજણને સાષ્ટાંગ પ્રણામ કરવાનું મન થાય છે . આપની આગેવાની હેઠળ ભારતનો ઉદ્ધાર થઇ જશે , એ મને સાફ દેખાય છે . બોલો ...રાહુલજીકી જય

(રાહુલ ગાંધી મૂંઝાઇ જાય છે અને વિચાર કરે છે કે 'ચાપલૂસી ન કરશો ' એવું આ લોકોને કઇ ભાષામાં સમજાવું ?)

**સોનિયા :** (કડક મુખમુદ્રા ધારણ કરીને ) આચૂંટણીનાં પરિણામ પરથી ચોખ્ખું દેખાય છે કે આપણે બદલાવું પડશે .

**ખૂણાનો અવાજ :** એને 'બદલાવું ' નહીં , 'સુધરવું ' કહેવાય .

(રાહુલ ગાંધી આવખતે ઊભા થઇને અવાજ ક્યાંથી આવે છે તે શોધવા પ્રયાસ કરે છે . પણ સામે એ જ
આજ્ઞાંકિત ચહેરા દેખાતાં ગુંચવાઇને પાછા બેસી જાય છે .)

**સોનિયા :** સૌથી પહેલાં આપણે પરાજય કબૂલીને તેનાં કારણ સમજવાં પડશે .

(બધા નેતાઓ એકબીજા સામે જોવા લાગે છે. સોનિયા ગાંધી 'ઓર્ડર ઓર્ડર'ના અંદાજમાં ફુટપટ્ટી પછાડે છે, એટલે પરાજયના કારણનો જવાબ આપતા હોય તેમ સૌ રાહુલ ગાંધી સામે જોવા માંડે છે.)

**નેતા ૫ :** મેડમ, પરાજયમાં આપણો કશો વાંક નથી. આ બધી પેલા અરવિંદ કેજરીવાલની, ભાજપની અને મતદારોની બદમાશી છે. તેમનું કાવતરું છે. ખરેખર તો આ ચૂંટણીની સીબીઆઇ પાસે તપાસ કરાવવી જોઇએ. મને તેમાં મોટા પાયે ગોટાળાની શંકા છે.

**ખૂણાનો અવાજ :** હા, ગોટાળો તો લાગે જ છે. દિલ્હીમાં કોંગ્રેસની આઠ બેઠકો પણ કેવી રીતે આવે?

**નેતા ૨ :** મેડમ, આપણે મીડિયાની ટીકાને ધ્યાનમાં ન લેવી જોઇએ. એ બધા તો ખાય તેનું ગાય. મારું સૂચન છે કે આપણે વિધાનસભાની આવી કોઇ ચૂંટણી થઇ હતી, એ વાત ભૂલી જઇએ અને પૂરા જુસ્સાથી લોકસભા ની ચૂંટણી માટે કામે લાગી જઇએ. અમે પ્રતિજ્ઞા લઇએ છીએ કે રાહુલબાબાને અમે વડાપ્રધાન બનાવીને જ જંપીશું. બોલો, રાહુલજી કી...

**ખૂણાનો અવાજ :** ...ઐસીકી તૈસી.

**રાહુલ ગાંધી :** (ખિજાઇને) અરે, આપણી વાતચીતમાં વચ્ચે ડબકાં કોણ મૂકે છે? તમને લોકોને કોઇનો અવાજ સંભળાય છે?

(બધા નેતા આજ્ઞાંકિતતાથી નકારમાં ડોકાં ધુણાવે છે.)

**નેતા ૪ :** અમને તો કંઇ સંભળાતું નથી, પણ રાહુલજી, આપ મહાન છો. શક્ય છે કે મહાત્માઓની જેમ તમને પણ અંતરાત્માનો અવાજ સંભળાતો હોય...એ ફક્ત તમે જ સાંભળી શકો અને તમને એ અવાજ સંભળાયો એનો અર્થ એ જ કે તમે મહાત્મા છો. હવે કોંગ્રેસના ભવિષ્યની ચિંતા કરવાની અમારે લગીરેય જરૂર નથી.

**નેતા ૫ :** તમારા જેવા નેતાના હાથમાં કોંગ્રેસ જ્યાં હશે ત્યાં સલામત રહેશે એની અમને ખાતરી છે.

**ખૂણાનો અવાજ :** ...અને ચૂંટણી પછી કોંગ્રેસ ક્યાં હશે, એ વિશે મને ખાતરી છે.

**રાહુલ :** તમારા સૌના સહયોગથી હું તમને એવો ચમત્કાર બતાવીશ કે જે તમે કલ્પી પણ ન શકો.

**સોનિયા :** રાહુલ, તું આમ ગોળ ગોળ બોલ્યા વિના ચોખ્ખી વાત કર, નહીંતર ગેરસમજણ થશે. (નેતાઓ તરફ જોઇને) એ પક્ષને તાળું મારવાની વાત નથી કરતો.

**રાહુલ :** મારી પાસે એક માસ્ટર પ્લાન છે, પણ એની વાત આ રૂમની બહાર ન જવી જોઇએ. કારણ કે એ ટૉપ સિક્રેટ છે. એની પર હજુ કામ કરવાનું છે.

**સોનિયા :** (મનોમન) ચાલો, પ્લાનને મીડિયામાં બધે કેવી રીતે કેવી રીતે પહોંચાડવો, એટલું તો રાહુલ શીખ્યો...અત્યારથી આ બધાને ખંજવાળ આવતી હશે કે

ક્યારે બહાર જઇએ ને ખાનગીમાં પત્રકારોને બોલાવીને પ્લાનની વિગતો લીક કરી દઇએ.

**રાહુલ :** તો પ્લાન એ છે કે ...

**બધા નેતાઓ :** બોલો રાહુલ ગાંધીકી ...

**રાહુલ :** (ધુંધવાઇને ) તમારી લોકોની આટેવ ક્યારે સુધરશે ?

**ખૂણાનો અવાજ :** પક્ષપલટો કરશે ત્યારે ..

**રાહુલ** (અદૃશ્ય અવાજથી ચમકીને , જરા ઉતાવળે ) : તો મારી યોજના એ છે કે અત્યારે આપણામાંથી જેમની સામે ભ્રષ્ટાચારના આરોપ ન હોય એવા નેતાઓએ સાગમટે આમઆદમી પાર્ટીમાં જોડાઇ જશે ...હું , સચિન , જ્યોતિરાદિત્ય , મિલિંદ , જિતેન અને બીજા પણ ઘણા . મમ્મી , શીલાઆન્ટી એ બધાં કોંગ્રેસમાં રહેશે .

**સોનિયા :** પછી ?

**રાહુલ :** ('જોયું ? કેવું જોરદાર લાવ્યો ?'ના અંદાજમાં ) પછી કંઇ નહીં . સ્વચ્છ રાજકારણ ઇચ્છતા બધા લોકોને કેજરીવાલે પોતાની સાથે જોડાઇ જવા કહ્યું છે . એટલે અમને એ ના નહીં પાડી શકે . લોકસભાની ચૂંટણીમાં આપણે કેજરીવાલના નિયમો પ્રમાણે લડીશું તો જીતવાના બહુ ચાન્સ છે . પણ કેજરીવાલને સંપૂર્ણ બહુમતી નહીં મળે . દિલ્હી જેવું થશે . એ વખતે આપણે ફરી આમઆદમી પક્ષમાંથી અલગ જૂથ - 'રાહુલ કોંગ્રેસ '- તરીકે છૂટા પડી જઇશું અને કોંગ્રેસના મમી જેવી મમ્મી કોંગ્રેસના જીતેલા ઉમેદવારો સાથે મોરચો કરીને સરકાર રચીશું .

**નેતાઓ ૧ -૬ :** બ્રિલિયન્ટ આઇડીયા . એક કાંકરે કેટકેટલાં પંખી મરી જશે . યુ આર જિનિયસ . રાહુલજી આપ આગે બઢો , હમ 'આપકે સાથ હૈં

(સોનિયા ગાંધી આશ્ચર્ય અને આઘાતથી ફૂટપટ્ટી પંપાળતાં રાહુલ સામે જોઇ રહે છે અને નેતાઓ રાહુલને ઘેરી વળે છે . તેમને ઘોંઘાટમાં મિટિંગનું અનૌપચારિક સમાપન થાય છે .)

# સોમવાર નામનું સુનામી મોજું

સોમવાર એટલે મહાદેવજીનો વાર . મહાદેવજી સૌના પ્રિય ભગવાન કારણ કે એ ખુબ જલ્દી પ્રસન્ન થાય . મહાદેવજીને રીઝવવા ઘણાં લોકો શ્રાવણ મહિનાના સોમવારે ઉપવાસ રાખે . અમુક આખો મહિનો ઉપવાસ રાખે . પુરુષો દાઢી ન કરે . સ્ત્રીઓમાં સોળ સોમવારનું વ્રત રાખવાનો પણ રીવાજ છે . આવું બધું કરવાથી દેવાધિદેવ પ્રસન્ન થાય એવું મનાય છે . પણ ઓફિસમાં સોમવારે ગમે એટલું કામ કરો દિવસના અંતે બોસ પ્રસન્ન થાય એવી કોઈ ગેરંટી નથી . ઓફિસના સોમવાર અમુક તમુક મહિના અથવા સોળ એવા કોઈ આંકડાને મોહતાજ નથી . આસ્તિકો એમ કહે કે સઘળું ભગવાન ઉપર છોડી દો . નોકરિયાત માણસ સોમવાર સવારે ઓફિસમાં કાર્ડ સ્વાઈપ કરે એટલે એ બોસને આધીન થઈ જાય છે . આમ છતાં પ્રમોશન અને ઇન્ક્રીમેન્ટના સમયે આ બોસાધિન થઈ કરેલા અનેક કામ બોસને દેખાતાં નથી .

સોમવારનો સ અને સ્ટ્રેસનો સ, બેઉમાં સ આવે . સુનામીમાં સ આવે . સ્ત્રીમાં પણ સ આવે . સાસુ , સસરા , સાળા અને સાળીમાં પણ સ આવે . સ અક્ષર જ કદાચ જોખમી છે . સોમવારે સૌથી વધારે હાર્ટ એટેક આવે છે એવું મેડીકલ રીસર્ચ કહે છે . વિદેશમાં તો વિકેન્ડ બે દિવસનો હોય . ત્યાં કોઈ શનિ -રવિમાં કામ ન કરે . શુક્રવાર રાતથી પાર્ટી ચાલુ થઈ જાય . સોમવારે એનો હેન્ગઓવર હોય . માથું પકડાયેલું હોય . એમાં કેટલાયને રજા પાડવી પડે . આમઅન્ય લોકો રજા પર જાય એટલે જે સોમવારે નોકરી પર આવ્યું હોય એનો વારો નીકળી જાય . જો વિકેન્ડ શનિ -રવિને બદલે રવિ -સોમનો કરી નાખવામાં આવે તો કેટલાં જીવ બધાં બચી




જાય ? એક તો માણસ મૂળભૂત રીતે આળસુ હોય , એમાં રવિવારે આરામ કર્યો હોય . એટલે એકબાજુ અઠવાડિયામાં પુરા કરવાના કામ સામે મોઢું ફાડીને ઊભા હોય અને બીજી તરફ રવિવારે ચઢેલી આળસપગ ખેંચતી હોય . ગધેડા ઉપર સો કિલોની ચાર થેલીઓ મૂકી દીધી હોય અને જેમ એ ખોડંગાતો ખોડંગાતો ચાલે , એમ સોમવારે અમુકનું શરીર અને મગજ ચાલતું હોય છે . એને ખુરશી ચટકા ભરે છે . કોમ્પ્યુટર પર બેસે , એટલે કે બેસે ખુરશીમાં પણ કોમ્પ્યુટર ઓનકરી કી -બોર્ડ પર હાથ જમાવે તો આંગળીઓ થીજી ગઈ હોય એવું લાગે છે . મગજમાં પણ લોહીનું ભ્રમણ ઓછુ

થતું હોય એવું પણ લાગે . ઓફિસમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી ગયું હોય એમ ગૂંગળામણ થાય . ભારતમાં ચા અને અમેરિકામાં હોય એને કોફી પીવાની અદમ્ય ઈચ્છા થાય . અને પટાવાળો કપ મૂકી જાય ને ચા ગળામાં ઉતરે પછી પરિભ્રમણ ચાલુ થાય .




સોમવાર જતો રહે એટલે મંગળવાર આવે . પણ મંગળવારે લોકો વધુ ખુશ હોય છે એવું પણ નથી . મંગવારે પણ એજ દિવેલીયા ડાચાં લઈને માણસો ઓફિસમાં જાય છે . મંગળવાર જાય એટલે બુધવાર આવે . બુધવારે અડધું અઠવાડિયું પતી ગયું એનો આનંદ કેટલાંક આનંદી કાગડાઓ અને કાગડીઓ ઉઠાવતા હોય છે . પણ મોટા ભાગના શુક્રવારે વિક પૂરું થવાની ખુશાલીમાં લંચ પછી કામ કરવાનું બંધ કરી દે છે . પણ વચ્ચે ગુરુવારે આવું કશું નથી થતું , માટે ગુરુવારે લોકોએ દુઃખી હોવું જોઈએ . પણ લોકો ગુરુવારે સવિશેષ દુઃખી નથી હોતાં , જે બતાવે છે કે માત્ર સોમવાર સાથે જ સિન્ડ્રેલા જેવું ઓરમાયું વર્તન કરવામાં આવે છે . રીતસરનો પૂર્વગ્રહ ઊભો કરવામાં આવ્યો છે સોમવાર માટે . અમારા મતે આ પૂર્વગ્રહ માટે સોશિયલ મીડિયા જવાબદાર છે .

સોમવારે સોમવારની નિંદા કરવાનો રીવાજ સોશિયલ મીડિયા પર અતિ-પ્રચલિત છે . સોમવારે ઓફિસ આવી, ઓફિસનું ઈન્ટરનેટ વાપરી , ઓફિસ ટાઈમમાં , ચાલુ નોકરીએ , ફેસબુક પર લોગ થઈ સોમવારને અમુક લોકો ગાળો દે છે . આ નિંદા કરનારને સોમવારનો પણ પગાર મળે છે એ ભૂલી જાય છે . એટલું જ નહી એ હકથી લે છે . કોઈએ સોમવારના વિરોધ કરવા ‘અમે હવે સોમવારનો પગાર નહી લઈએ એવું કહ્યું હોવાનું જાણમાં નથી . પણ ફેસબુક પર તો લોકો જાણે સોમવાર વિલન હોય તેમ , ગુગલ કરીને , જ્યાં -ત્યાંથી સોમવાર વિરુદ્ધ લખાણ શોધી બળાપો કાઢે છે . ઘણા ‘આજે સોમવાર છે ’ને ટૂંકામાં ટૂંકી હોરર સ્ટોરી કહે છે . કોક એવો સવાલ કરે છે કે શુક્રવારથી સોમવાર કેમ આટલો નજીક છે અને સોમવારથી શુક્રવાર કેમ આટલો દૂર છે ? અમુક તો Monday ને Moanday કહે . પણ અમે જો બોસ હોઈએ તો મંગળવારને પણ સોમવાર -૨ જાહેર કરી દઈએ. છો બખાળા કરતાં લોકો .

અમેરિકા ઉપર આપત્તિ આવે અને એ આપત્તિમાં પોલીસ , ફાયરબ્રિગેડ અને ત્યાનો હીરો બધાને ઉગારી લે એવા થીમની અનેક ફિલ્મો બની છે . આમ છતાં હજુ સોમવાર નામની રીકરીંગ આપત્તિની ત્યાંની ફિલ્મોમાં નોંધ નથી લેવાઈ એ બતાવે છે કે અમેરિકન ફિલ્મ પ્રોડ્યુસર્સ પણ કેટલી બીબાઢાળ ફિલ્મો બનાવે છે . ખરેખર તો જેમ સુનામીનું મોજું આવે અને બીચ પરના લોકો ભયાવહ થઈ દોડવા લાગે એમ સોમવાર નામના સુનામી મોજાથી બચવા લોકો મુઠીઓ વાળીને દોડતા થઈ જાય છે . અલબત્ત માનસિક રીતે

જ. આવી કોઈ ફિલ્મ હોલીવુડમાં બનવી જોઈએ.

છતાં ઘણા એવા પણ જોયા છે કે જે સોમવાર અંગે કોઈ કકળાટ નથી કરતાં. જેમ કે ગલ્ફ કન્ટ્રીઝના લોકો કે જ્યાં શુક્રવારે રજા હોય છે. ઇન્ડિયામાં પણ અમુક એવા છે જેમને વીકલી ઓફ રવિવારે નથી હોતો. આમાં બોસ પ્રકારના લોકો પણ આવે કે જેમણે કામ કરવાનું નહી, કરાવવાનું હોય છે. કેટલાંક બેકાર પણ હોય છે. અમુક ખેતી કરતાં હશે. ડોક્ટરોને સોમવારે વધારે પેશન્ટ હોય, રવિવારના પેટ પકડીને બેઠાં હોય એવા. લીસ્ટમાં સરકારી કર્મચારીઓને પણ મૂકી શકાય. આ સિવાય થોડાં કુંવારા હોય. આ લોકોને કદી સોમવાર નથી નડતો. જોકે પરણેલાઓમાં પણ ઘણા એવા હોય છે કે જે સોમવારની રાહ જોતાં હોય છે!



# સ્ટીવ જોબ્સ : ટેકનોલોજીના ‘આઇ સ્પેશ્યલિસ્ટનું આશ્ચર્યજનક અંગત જીવન

જીવન કોલેજના પહેલા સેમેસ્ટરમાંથી ઉઠી ગયેલા ‘એપલ’ના સીઇઓ સ્ટીવ જોબ્સ ગયા મહિને બજારમાં મૂકેલા ‘આઇપેડ’ દ્વારા ફરી એક વાર ચર્ચામાં છે. પરંતુ, જોબ્સની જિંદગી તેમનાં આઇમેક-આઇપોડ-આઇફોન-આઇપેડ કરતાં પણ વધારે મંત્રમુગ્ધ કરે એવી છે

ફિલ્મી પ્રચારની ખાસિયત છેઃ ‘થ્રી ઇડિયટ્સ’ જેવી સરેરાશ મસાલા ફિલ્મ અને તેનાં નાટકીયાં પાત્રોથી અંજાઇને ભલભલા બુદ્ધિમંતો ‘શિક્ષણપદ્ધતિ-શિક્ષણપદ્ધતિ’ કરવા લાગ્યા છે, પણ ફિલ્મમાં દર્શાવ્યાં છે એના કરતાં ઓછાં નાટકીય અને વધારે નક્કર એવાં વાસ્તવિક પાત્રોમાં લોકોને રસ પડતો નથી. કારણ કે વાસ્તવિક જીવનનાં એ પાત્રોનો ‘શિક્ષણપદ્ધતિ’ની ધરી પર પ્રચાર થતો નથી. ‘રેન્ચો’નું પોપટિયું રટણ કરતા પ્રેમીઓને કરીના કપુર અને શેતાની તોફાનો સિવાયના, શુદ્ધ જીનીયસ સંશોધક રણછોડમાં કેટલો રસ પડશે? એવા અઘરા સવાલ કૌંસમાં રાખીને, વાત કરીએ એક એવા જણની, જેની જિંદગીના ચડાવઉતાર આગળ ફિલ્મી કથાઓ ઝાંખી પડે અને જેની સિદ્ધિઓ ટેકનોલોજીના ઇતિહાસની દંતકથાઓ બની ચૂકી હોય.

સ્ટીવન જોબ્સ. સિત્તેરના દાયકાના અમેરિકાનું લાક્ષણિક પાત્ર. કોલેજનો અભ્યાસ અધૂરો છોડીને પોતાની આવડતથી ઇતિહાસ સર્જનાર ખેરખાં. પંચાવન વર્ષની અંગત જિંદગીમાં અનેક નવલકથાઓની સામગ્રી જીવી કાઢનાર એક અનોખો જણ

સ્ટીવની જિંદગીની શરૂઆત જ નાટકીય રહી. રાજ્યશાસ્ત્રના અધ્યાપક અને મૂળ સિરીયાના અબ્દુલફતહ જંદલી અમેરિકન યુવતી જોન કેરોલ શીબલી સાથે પ્રેમમાં પડ્યા. બન્નેનાં લગ્ન થાય તે પહેલાં જ ૧૯૫૫માં તેમના સંબંધથી એક પુત્રનો જન્મ થયો. બન્ને જણને એ તબક્કે સંતાન ખપતું ન હોવાથી, તેમણે પુત્રને દત્તક આપી દેવાનું નક્કી કર્યું. કેલિફોર્નિયાના (અત્યારની ‘સિલિકોન વેલી’ના) દંપતિ પોલ અને ક્લેરા જોબ્સે જંદલી અને જોન શીબલીના એ પુત્રને દત્તક લીધો અને તેને નામ આપ્યું સ્ટીવન. સ્ટીવન ઉર્ફે સ્ટીવ જોબ્સ.

સ્ટીવની શૈક્ષણિક કારકિર્દીમાં કશું નોંધપાત્ર ન હતું. હાઇસ્કૂલ સુધી એનું ગાડું બરાબર ગબડ્યું, પણ કોલેજના પહેલા જ સેમેસ્ટરથી સ્ટીવે ભણવાનું મૂક્યું તે મૂક્યું. ત્યાર પછી યુનિવર્સિટી સાથે સ્ટીવ જોબ્સનો યાદગાર સંબંધ છેક ૨૦૦૫માં ઉભો થયો, જ્યારે વિશ્વવિખ્યાત સ્ટેનફર્ડ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે સ્ટીવને આમંત્રણ મળ્યું. પોતાના પ્રવચનની શરૂઆતમાં જ સ્ટીવે કહ્યું કે ‘હું કદી ગ્રેજ્યુએટ થયો નથી. કોલેજ ગ્રેજ્યુએશન સાથેનો મારો સૌથી નજીકનો પનારો પડ્યો હોય તો એ આજે!’ એમ કહીને તેમણે પોતાની જિંદગીની ત્રણ કથાઓ વિદ્યાર્થીઓને સંભળાવી હતી. ટેકનોલોજીના યુગનાં સૌથી યાદગાર પ્રવચનોમાં જોબ્સના એ પ્રવચનનો સમાવેશ થાય છે. (ઇન્ટરનેટ

પર ‘સ્ટીવ જોબ્સ સ્ટેનફર્ડ સ્પીચ ’લખીને સર્ચ કરતાં આખું પ્રવચન વાંચવા અને સાંભળવા મળી શકે છે .)

હાઇસ્કૂલના અભ્યાસ દરમિયાન જોબ્સ વિખ્યાત કંપની હ્યુલેટ -પેકાર્ડ (એચપી )માં યોજાતાં લેક્ચર સાંભળવા જતો હતો . વેકેશનમાં થોડો સમય તેને એચપીમાં કામ પણ કર્યું . ત્યાં સ્ટીવનો પરિચય સ્ટીફન વુઝનિક સાથે થયો . આ દોસ્તીથી ‘એપલનાં બીજ રોપાયાં . ખુદ સ્ટીવ જોબ્સે કહ્યું છે કે ‘વુઝનિક મારા પરિચયમાં આવેલો એવો પહેલો માણસ હતો , જે ઇલેક્ટ્રોનિક્સમાં મારા કરતાં વધારે જાણકાર હોય .’

કમ્પ્યુટર ટેકનોલોજી ત્યારે (૧૯૭૦ ના દાયકામાં ) સાવ ભાંખોડિયાભેર હતી . કમ્પ્યુટરનો ખરેખર કેવો અને કેટલો ઉપયોગ થશે , સામાન્ય લોકો સુધી તે પહોંચશે કે ફક્ત સરકારો અને મોટી સંસ્થાઓ પૂરતો જ તેનો ઉપયોગ મર્યાદિત રહેશે , એ કશું નક્કી નહતું . એ અરસામાં સ્ટીવ જોબ્સ અને સ્ટીફન વુઝનિકે ‘અતારી ’ કંપની માટે કમ્પ્યુટર ગેમ્સ બનાવવાનું અને કમ્પ્યુટર સાથે અખતરા કરવાનું ચાલુ રાખ્યું . ‘અતારી ’ની કમાણીમાંથી થોડી બચત થતાં , કોલેજના એક મિત્ર સાથે ૧૯ વર્ષનો સ્ટીવ જોબ્સ ભારત આવ્યો . બન્ને મિત્રોને અધ્યાત્મમાં ઉંડો રસ હતો અને ભારતના પ્રવાસનો હેતુ મહદ્ અંશે આધ્યાત્મિક કે જીવનને લગતું જ્ઞાન મેળવવાનો હતો (એવું ઇન્ટરનેટ પરની છૂટીછવાયી નોંધો પરથી જાણવા મળે છે .)

ભારતથી પાછા ફર્યા પછી ૧૯૭૫ માં જોબ્સ અને વુઝનિકે જોબ્સના મકાનના ગેરેજમાં ‘એપલ કંપનીની વિધિવત્ સ્થાપના કરી અને ૧૯૭૬ માં કંપનીનું પહેલું ડેસ્કટોપ કમ્પ્યુટર ‘એપલ૧ ’ બનાવ્યું . ૧૯૭૭ માં ‘એપલટુ ’ની સાથે સ્ટીવ જોબ્સની વેપારી કુનેહ દર્શાવતી એક ઘટના બની , જે જુદા જુદા સ્વરૂપે આજે ૩૦ વર્ષ પછી પણ ‘એપલ કંપનીને ફળતી રહી છે . સ્ટીવ જોબ્સે ‘એપલટુ ’ કમ્પ્યુટર માટે પ્રોગ્રામ બનાવવા ખુલ્લું આમંત્રણ આપ્યું . તેનાથી પ્રેરાઇને ઉત્સાહી ભેજાબાજોએ ‘એપલટુ ’માં ચલાવી શકાય એવા સોળેક હજાર પ્રોગ્રામ તૈયાર કર્યા . જોબ્સનો આ અભિગમ હજુ સુધી બદલાયો નથી . તેના પરિણામે એપલના ‘આઇફોન ’માં કામ લાગે એવી હજારો નવી સુવિધાઓ દુનિયાભરમાંથી લોકો તૈયાર કરે છે અને તેનો લાભ કંપની તથા તેના ગ્રાહકોને મળે છે .

Thank you for reading our magazine. Next issue will come on 15st January 2014 with more contain.

If you have any suggestion for us then tell us on Facebook or comment on Bhesan.com.

We need your feedback.

Thank you.

Wilson Savaliya and
Krupal Dobariya.

Bhesan.com